THE TRANSGENDER PERSONS (PROTECTION OF RIGHTS) ACT, 2019 ની કલમ-11 હેઠળ ફરીયાદ અધિકારીની નિમણૂક કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૨/૨૦૨૧/૨૩૬૯૯૮/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૨૩/૦૮/૨૦૨૧.

વંચાણે લીધા:-

(૧) THE TRANSGENDER PERSONS (PROTECTION OF RIGHTS) ACT, 2019.

(૨) THE TRANSGENDER PERSONS (PROTECTION OF RIGHTS) RULES, 2020.

(3) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૦૨/૦૬/૨૦૨૧ નો પત્ર ન.સસુખા/ બલભ/ટીજી/એક્ટ/ફરીયાદ અધિકારી/૪૩૮/૨૧-૨૨.

આમુખ:-

THE TRANSGENDER PERSONS (PROTECTION OF RIGHTS) ACT, 2019 ની કલમ- 11 માં "દરેક સંસ્થા આ અધિનિયમની જોગવાઇઓના ઉલ્લંઘન અંગેની ફરીયાદો અંગે કાર્યવાહી કરવા માટે એક ફરીયાદ અધિકારીની નિમણૂક કરશે" તેવી જોગવાઇ કરવામાં આવેલ છે તેમજ THE TRANSGENDER PERSONS (PROTECTION OF RIGHTS) RULES, 2020 ના નિયમ- 13 માં ફરીયાદ મળ્યા બાદ ૧૫ દિવસની અંદર તેની તપાસ અને તપાસ અહેવાલની તારીખથી ૧૫ દિવસની અંદર પગલાં લેવા જણાવેલ છે, જે મુજબ ફરીયાદ

અધિકારીની નિમણૂક કરવા બાબતની વંચાણે લીધેલ ક્રમાંક (૩) ઉપરની નિયામકશ્રી, સમાજ સુરક્ષાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે THE TRANSGENDER PERSONS (PROTECTION OF RIGHTS) ACT, 2019 ની કલમ-11 હેઠળ ફરીયાદ અધિકારી તરીકે ગુજરાત સરકાર હસ્તકના તમામ વિભાગોના મહેકમ પ્રભાગના અધિક સચિવશ્રી/ સંયુક્ત સચિવશ્રી/ નાયબ સચિવશ્રીની આથી નિમણૂક કરવામાં આવે છે અને સર્વે વિભાગો હસ્તકની ખાતાની કચેરીઓ, જિલ્લા/તાલુકા/ગ્રામ્ય સ્તરની કચેરીઓ, નિગમો, બોર્ડ, કંપની, ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ, ગુજરાત સરકાર હસ્તકની સોસાયટીઓ, અર્ધ સરકારી જિલ્લા/તાલુકા/ગ્રામ્ય સ્તરની કચેરીઓ ખાતે જે-તે ખાતા/કચેરીના વડાની ફરિયાદ અધિકારી તરીકે આથી નિમણૂક કરવામાં આવે છે.

ફરીયાદ અધિકારીએ THE TRANSGENDER PERSONS (PROTECTION OF RIGHTS) RULES, 2020 ના નિયમ- 13 મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આર. જે. ખરાડી )

નાયબ સચિવ,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે વિભાગોના અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર તરફ તેમના વિભાગ હસ્તકની ખાતાની કચેરીઓ,

જિલ્લા/તાલુકા/ગ્રામ્ય સ્તરની કચેરીઓ, નિગમો, બોર્ડ, કંપની, ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ, સોસાયટીઓ, અર્ધ સરકારી ખાતાની કચેરીઓ, અર્ધ સરકારી જિલ્લા/તાલુકા/ગ્રામ્ય સ્તરની કચેરીઓને જાણ કરવાની વિનંતી સહ.

- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે વિભાગોના મહેકમ પ્રભાગના અધિક સચિવશ્રી/ સંયુક્ત સચિવશ્રી/ નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (મહેકમ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- છ શાખા/ઈ શાખા/ચ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત).
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા સારું.
- શાખા સિલેક્ટ ફાઇલ.